# મુખ્ય સેવીકા પાર્ટ પ

## સંકલિત બાળવિકાસ સેવા યોજના સ સાથે સંકળાયેલા કાર્યકતાઓની ફરજ

**મદદનીશની ફરજો :–**

– આંગણવાડીના સમય કરતા અડધો કલાક વહેલા આવવું અને આંગણવાડીની સફાઈ કરવી. આસનપટા પાથરી તૈયાર કરવા

– પીવાનું સ્વસ્છ પાણી ગાળીને ભરવું.

– બાળકોને પોતાની જાતે આગણવાડીમાં નિયમિત સમયસર આવવાની ટેવ ન પડે ત્યાંસુધી તેમને લેવા મુકવું જવું

– આંગણવાડીમાં આવતા બાળકો ને સ્વસ્છ રાખવાં

– આંગણવાડીની રોજીંદી પ્રવૃતિઓમાં આંગણવાડી કાર્યકરને મદદ કરવી.

– આંગણવાડીમાં આવતા બાળકોની શારીરીક જરૂરીયાતો જેવી કે પાણી આપવું, નાસ્તો આપવો વગેરે કાર્ય કરવા

– આંગણવાડી કાર્યકરના માર્ગદશન હેઠળ નિયમીત નાસ્તો બનાવવો અને લાભાર્થીને વહેચવો.

– આંગણવાડી નો સ્ટોક લાવવા મુકવામાં અને બાળકોનું વજન કરવામાં મદદ કરવી.

– આંગણવાડી કાર્યકર માંદા હોય કે પછી તેને તાલીમમાં કે તાલુકા કચેરીમાં જવાનું હોય ત્યારે આંગણવાડી ની તમામ પ્રવૃતિ ચલાવવી.

– આંગણવાડી કાર્યકરને ગૃહ મુલાકાત વખતે. મદદ કરવી.

– કોઈ મીટીગ , શિબીર,મહિલા મંડળ અને અન્ય કાર્યક્રમો વખતે સંદેશો પહોચાડવામાં મદદરૂપ થશે.

– ખાધ સામગ્રી ની સાફસફાઈ તેમજ સાચવણી કરશે.

For more details visit www.akparmar.com

A.K.PARMAR

– આંગણવાડી કાર્યકરને નિભાવવામાં આવતા પત્રકોને પુંઠા ચડાવી વ્યવસ્થીત રાખવા.

– આંગણવાડી લાભાર્થીઓ માટે આહાર બનાવતી વખતે કોઈ નુકશાનકારક વસ્તુ ભળી ન જાય તેનું ધ્યાન રાખવું.

– બાળકોને નાસ્તો કરાવયા પછી હાથ મો ધોવડાવાને ધરે મુકી આવવા

–– આંગણવાડી કાર્યકરની ફરજો:–

– બાળકો, સગર્ભા, અને ધાત્રી માતા અને કિશોરીને પૂરક આહાર આપવો.

– ૩ થી ૬ વર્ષના બાળકોને પૂર્વ પ્રાથમીક શિક્ષણ આપવું

– પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના કાર્યકરને સેવા આપવામાં મદદ કરવી.

– માતાને આરોગ્ય પોષણ શિક્ષણ આપવું

– પત્રકો અને અહેવાલ નિયમીત ભરવા

– લોકસંપર્ક કરી યોજનનાને અસરકારક બનાવવી.

## ––– મુખ્ય સેવીકાની ફરજો:–

– દરેક ધરની મોજણીમાં અને આવી મોજણી દર વર્ષે અદ્યતન કરવામાં આવે અને આઈ.સી.ડી.એસ. યોજના ના લાભાર્થીઓના કુંટુંબો માટે સ્પષ્ટ યાદી તૈયાર કરવા માટે આંગણવાડી કાર્યકરને માર્ગદર્શન આપશે.

– અત્યંત ગરીબ સ્થિીતના અને તીવ્ર કુપોષણથી પીડાતા ખાસ કરીને ૩ વર્ષથી નીચેના બાળકો ની યાદી ની ચકાસણી કરશે.

– બાળકોની ચોકકસ ઉંમર અને તેમના વજન અને ઉંચાઈ વગેરેને લગતા ચાર્ટ તૈયાર કરવામાં આંગણવાડી કાર્યકરને મદદ કરશે.

– આરોગ્ય ની રીતે જોખમી પિરિસ્થિતી ધરાવતા બાળકો અને માતાઓને ઓળખી કાઢવામાં અને તેમને પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિીટલમાં ઉપચાર માટે મોકલવામાં આંગણવાડી કાર્યકરોને મદદ કરશે.

– તીવ્ર કુપોષણથી પીડાતા બાળકોનું જાતે જ વજન કરશે. અને આવા બાળકોનુ તદુંરસ્ત બનવવા માટેઆંગણવાડી કાર્યકરને જરૂરી માર્ગદર્શન આપશે.

– વાર્તા કહેવી , વિવિધ રમતોનું આયોજન અને રંગોની ઓળખ વગેરે જેવી પૂર્વ પ્રાથમિકશાળાની પ્રવૃતિ ઓ ચલાવવા માટેઆંગણવાડી કાર્યકરને માર્ગદર્શન આપશે.

– માતાઓને આરોગ્ય અને પોષણ અંગેનું શિક્ષણ અસરકારક રીતે આપી શકાય તે માટેનું નિર્દશન આંગણવાડી કાર્યકરો માટે કરશે.

– બાળકોમાં નાની ઉંમર માં ઉદભવતી ખામીઓ શોધી કાઢવા માટે નિવારવા માટેઆંગણવાડી કાર્યકરોને જરૂરી માર્ગદર્શન આપવું.

– મોજણી રજિસ્ટરોમાં અને રસીકરણોનાં રજિસ્ટરમાં થતી જન્મ અને મરણ નોધણીની ચકાસણી કરશે.

– આંગણવાડી કાર્યકરોએ રાખવાના થતા રજિસ્ટરો તપાશશે. અને તેમને યોગ્ય રીતે નિભાવવા માટે માર્ગદર્શન આપશે.

– જેઆંગણવાડી કાર્યકરો ઓછું ભણેલા હોય તેમને રેકોર્ડ લખવામાં મદદ કરશે.

– આંગણવાડી દવારા અપાતા ખોરાક નો સંગ્રહ કરવા માટેની વ્યવસ્થા અને તે તૈયાર કરી બાળકોને આપવાની વ્યવસ્થાની ચકાસણી કરશે.પૂરક પોષણ આહાર , દવાઓ , શૈક્ષિણીક સાધનો અને રજિસ્ટર રેકર્ડ નિયમીત મળી રહે તે માટે વ્યવસ્થા કરશે. અને આવી વસ્તુઓ ઓછી હોય તો બાળવિકાસ અધીકારી શ્રી ને જાણ કરશે.

– મહિલા મંડળો સ્થાપવાની અને મજબૂત બનાવવાની આંગણવાડી કાર્યકરોની કામગીરીમાં મદદ કરશે.

– મહિલા મંડળો, પંચાયતો, પ્રાથમિક શાળાઓ અને યુવક મંડળોની સાથે સંપર્કમાં રહેશે. અને તેમને સંકલિત બાળ વિકાસ યોજના ના કાર્યક્રમમાં સાંકળી લેશે.

– આંગણવાડી કાર્યકરોની પોતાની કામગીરીને લગતા પ્રશ્નો અને અંગત પ્રશ્નોના નિવારણ માટે માર્ગદર્શન આપશે અને ખાસ કિસ્સાઓની જાણકારી બાળવિકાસ અધિકારી શ્રીને આપશે.

– આરોગ્ય કાર્યકરને અને નર્સોને આંગણવાડીઓની કેટલી મુલાકતા વખત મુલાકાત લીધી તે ચકાસશે. અને આવી મુલાકાત વખતે બાળકો અને માતાઓ પૂરતી સંખ્યામાં આરોગ્ય તપાસણી , રસીકરણ અને આરોગ્ય શિક્ષણ માં ભાગ લે તે માટે જરૂરી વ્યવસ્થા ગોઠવશે.

– અઠવાડીક સમયપત્રક પ્રમાણે પ્રવૃતિઓ થાય છે કે કેમ તે અંગે ચકાસણી કરશે.

– રસીકરણમાં બાકી રહેલા બાળકો ની વીગતો મેળવી બાળવીકાસ અધીકારીશ્રીને જાણ કરશે.

## – **–– સી.ડી.પી.ઓની ફરજો:–**

– મુખ્ય સેવિકા આંગણવાડી કાર્યકર તથા અન્ય કાર્યકરોનાં કાર્યનું નિરીક્ષણ કરવું અને જરૂર પડે ત્યાં માર્ગદર્શન આપવું. આ બાબત માટે પોતાના ઘટકની આંગણવાડીની અવારનવાર મુલાકાત લેવી અને સ્ટાફ મિટિંગ બોલાવવી.

– ઘટકના શરૂઆતના તબકકામાં આંગણવાડી કાર્યકરની ગ્રામીણ પ્રોજેકટનો કંટુંબ સર્વે કરવામાં માર્ગદર્શન આપવું. આ સર્વેનો અહેવાલ અને પોતાની પાસેથી માહીતી એકઠી કરી પ્રોજેકટ રિપોટ તૈયાર કરવો જેમાં પ્રોજેકટને લગતી તમામ બાબતો આવરી લેવી.

– પોતાના ઘટકની આંગણવાડી ને લગતા તમામ કન્ટિજન્સી ખર્ચ મેળવવો અને તેની વહેચણી કરવી.

– અવારનવાર આંગણવાડીની મુલાકાત લેવી અને ઉપરી અધીકારી ને પોતાનો રૂટ પ્રોગ્રામ આપવો.

– મુખ્ય  સેવીકા તથા આંગણવાડી કાર્યકરને ગ્રામ્ય કક્ષા એ સ્થાનિક સમિતિઓ રચવામાં માર્ગદર્શન આપવું

– પ્રોજેકટ અનેઆંગણવાડી કક્ષાએ પત્રકો બરાબર ભરાય છે કે નહી તેની ખાતરી કરવી અને આવારનવાર પત્રકો તપાસવા

– ખાદ્યસામગ્રી , દવાની કીટ, તેમજ પૂર્વપ્રાથમીક શિક્ષણની કીટનો ઉપયોગ કરછ છો કે નહિ

– આંગણવાડીની મુલાકાત દરમ્યાન પૂર્વ પ્રાથમીક શિક્ષણની પ્રવૃતિઓ જોશે. જયા જરૂર જણાય ત્યાં માર્ગદર્શન આપશે.

– પત્રકો ભરવામાં પડતી મુશ્કેલી ઓ તેમજ બીજી અન્ય મુશ્કેલીઓ દૂર કરવામાં તેમની સાથે રહી પ્રયત્ન કરશે.

– આંગણવાડી કાર્યકરની સાથે રહીને ગામમાં ગૃહ મુલાકાત વખતે લોકલને આઈ સી..ડી.એસ. યોજના વીશે માહીતી આપશે

– ઓછા વજન વાળા બાળકોને ઓળખી માહીતી મેળવી તેઓને તબીબી તપાસ માટે રીફર કરવામાં આંગણવાડી કાર્યકરને મદદ કરશે.

– માસના અંતે મીટીંગ કરી જે નવી માહીતી આવી હોય યોજના અંગે તેની આંગણવાડી કાર્યકર સાથે ચર્ચા કરી જાણ કરશે

– વર્ષ દરમ્યાન ઉજવાતા કાર્યક્રમો માં હાજરી આપી આંગણવાડી કાર્યકર ને પ્રોત્સાહીત કરી કાર્યક્રમને સફળ બનાવશે.

## – ––સ્ત્રી આરોગ્ય કાર્યકરની ફરજો:–

– સગર્ભા સ્ત્રી ઓની નીયમીત શારીરીક તપાસ કરશે.

– ધાત્રી માતા ને આરોગ્ય , કંટુંબ નીયોજન અને પોષણ અંગે જરૂરી સલાહ આપશે.

– સગર્ભા અને ધાત્રી માતા ઓને લોહતત્વ ની ગોળીઓ વહેચશે. તેમજ નાના બાળકોને સમયસર વીટામીન એ નું દ્રાવણ આપશે.

– સગર્ભા સ્ત્રીઓને સમયસર ધનૂર વીરોધી રસી આપશે.

– પ્રસુતી બાદ માતાની નીયમીત મુલાકાત લઈ તેને બાળકને ધાવણ આપવા સલાહ આપશે.

– માતાઓને વ્યકિતગત તેમજ જૂથમાં કુંટુબકલ્યાણ , માતા અને બાળ આરોગ્ય , પોષણઅને રોગવીરોધી રસીઓ, પર્યાવરણની સ્વસ્છતા તેમજ સામાન્ય માંદગીને લગતી સારવાર વીશે શિક્ષણ આપશે.

– આંગણવાડી કાર્યકર દવાર યોજવામાં આવેલ મહિલા મંડળ અને ગ્રામ્ય કક્ષા ની ચર્ચાસભામાં હાજરી આપશે. આવી ચર્ચાસભાનો ઉપયોગ પોષણ, કંટુંબ કલ્યાણ, વ્યકિતગત અને પર્યાવરણની સ્વસ્છતાને દરેક નવજાત બાળકોને ત્રીગુણી રસી , બી.સી.જી. રસી અને બાળલકવાની રસીઓ આપશે.

– પોતાના વિસ્તારમાં આંગણવાડીની નીયમીત મુલાકાત લેશે અનેઆંગણવાડી કાર્યકરને યોગ્ય સેવા આપવા માટે માર્ગદર્શન આપશે. અને ખાસ કરીને બાળકોનું વજન કરવામાં , ગ્રોથ ચાર્ટ ભરવામાં , બાળકની સાચી ઉંમર કાઢવામાં તથા આરોગ્ય અને પોષણના પત્રકો ભરવામાં માર્ગદર્શન આપશે.

– પોતાના વિસ્તારમાં આંગણવાડી કાર્યકરને પૂરક આહાર માટે યોગ્ય લાભાર્થીઓની પસંદગી બરવામાં માર્ગદર્શન આપશે.

–બાળકો, સગર્ભા, અને ધાત્રી માતાઓ ની નીયમીત આરોગ્ય તપાસ કરશે. સમયપત્રક પ્રમાણે રસીઓ આપશે તથા કુપોષણવાળા બાળકોને સખત માંદગી તથા ચેપી રોગથી પીડાતા બાળકોને પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર નજીકના દવાખાનામાં રીફર કરશે. અને તેમની વારંવાર મુલાકાત લેશે.

## ———સ્ત્રી આરોગ્ય કાર્યકર ની ફરજોઃ–

– નર્સ મિડવાઈફ તેમજ આંગણવાડી કાર્યકર દવારા બતાવવામાં આવેલ દર્દીઓની તપાસ કરશે. તેમજ જો આ દર્દીઓનું નીદાન કરવું તેના માટે અશકય હોયતો તેઓને પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર અથવા બીજી કોઈ હોસ્પીટલમાં મોકલવાની વ્યવસ્થા કરશે.

– સંકલિત બાળ વિકાસ યોજના કાર્યક્રમને નર્સ મિડવાઈફ બહેન અનેઆંગણવાડી કાર્યકર માટે પ્રાથમિક આરોગ્ય કક્ષાએ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવા મદદરૂપ થશે.

– સંકલિત બાળ વિકાસ યોજના નીરીક્ષણની સાથે ગ્રામ્ય કક્ષાએ મુલાકાત લેશે તેમજ સ્ત્રી આરોગ્ય મીડવાઈફ અનેઆંગણવાડી કાર્યકરના કાર્યક્ષેત્રમાં ઘેર ઘેર મુલાકાત લઈ માર્ગદર્શન આપશે.

– સુપરવાઈઝર સાથે ગ્રામ્ય કક્ષાએ મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન આપશે.

– પાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધીકારીઓને સંકલીત બાળવીકાસ યોજનાને લગતી વિવિધ આરોગય સેવાઓ ના આયોજનમાં મદદ કરશે.

## ———તબીબી અધીકારીની ફરજોઃ–

– ગામાના ૦થી ૬ વર્ષના બાળકો , સગર્ભા અને ધાત્રી માતાઓ પોષણ અને આરોગ્યનો દરજ્જો અથવા મોજણીનું આયોજન કરવામાં સંકલીત બાળ વીકાસ યોજનાના તબીબી અધીકારી તેમજ પ્રાથમીક આરોગ્ય કેનદ્રના બીજા તબીબી અધીકારીઓ મદદરૂપ થશે. ઉપરાંત તેઓ આંગણવાડી માં પૂરક આહાર આપવા લાભાર્થીઓની પસંદગી કરવામાં મદદરૂપ થશે.

– તબીબી અધિકારીઓએ જોવાનું રહેશે કેઆંગણવાડી કાર્યકરે આરોગ્ય ની બાબતમાં તાલીમ પામેલ હોય અને તેને સોપેલ સેવાઓના ઉપયોગ વિશેની કામગીરી બરાબર રીતે ચલાવતા હોય આ ઉપરાંત તેઓએ જોવાનું રહેશે કેઆંગણવાડી પર ખૂટતી દવાઓ સમયસર પહોચી રહે.

– પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના મુખ્ય તબીબી અધીકરારીએ સમયસર પોતાના પ્રાથમીક આરોગ્ય કેન્દ્રની જરૂરીયાત પ્રમાણે ઉપરાંત સંકલિત બાળવીકાસ યોજના માટે ફાળવવામાં આવેલ  દવાઓનો જથ્થો રોગ વીરોધી રસીઓ , લોહતત્વની ગોળીઓ, વીટામીન એ નું દ્રાવણ તેમજ બીજી જરૂરીયાતો ની દવાઓનો જથ્થો જીલલા આરોગ્ય અધીકારી પાસેથી મંગાવી લેવાની રહેશે.

– સંકલીત બાળ વીકાસ યોજના તબીબી અધીકારી અને બીજા તબીબી અધીકારીઓ નીચે જણાવેલ સેવાઓ લાભાર્થી સુધી પોહચાડી પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ,શહેરી અરોગ્ય એકમ અને સબ સેન્ટરના કાર્યને મજબૂત કરશે.

– અતિસાર (ઝાડા) થયો હોય તો બાળકોને તાત્કાલીક સારવાર આપવા માટેની સગવડો ઉભી  કરવી.

– તબીબી અધીકારીઅની નીમણુક થઈ હોય તેવા દવાખાનાઓમાં બાળકો તેમજ માતાઓની તાત્કાલીક સારવાર માટે સગવડ આપવી.

– ઉપલબ્ધ આરોગ્ય કાર્યકરોની ગ્રામ્ય મુલાકાતોનું આયોજન એ રીતે કરવું કે જથી તેમને સોપવામાં આવેલ વિસ્તારના તમામ ગામો આવરી લઈ શકાય.

– ગામની દાયણોને તાલીમ આપવી.

– સબ સેન્ટર પર આંગણવાડી કાર્યકરને તમના કાર્ય સંબધીત તાલીમ આપવી

– પ્રોજેકટ કક્ષાએ સી.ડી.પી.ઓ. ના સહકારથી તેમજ સ્ત્રી ઓરોગ્ય કાર્યકર અનેઆંગણવાડી કાર્યકર માટે બ્લોક પ્રોજેકટ કક્ષાએ ટુકાં ગાળાની તાલીમ શીબીર ગોઠવશે.




For more details visit www.akparmar.com

A.K.PARMAR